# ગઝલ

## –નરેશ કે. ડોડીયા

**.1.**

ઘર, ગામ, ખેતરને મુકીને શ્હેરમાં છોને વસ્યા,
કોયલના ટહુકાઓ પુછે છે, કેટલું આજે હસ્યા ?

આંખે કસુંબલ કેફ લઈને ડાયરાની મોજમાં,
પ્હો ફાટવાની આખરી ક્ષણમાં તમે કૈં ખળભળ્યા ?

આંબાની ડાળે ઝુલતી મેનાનો ટહુકો સાંભળી,
પીંજરમાં પુરાયેલ પોપટ થઈ કદી થોડું રડ્યા ?

એ તળપદી ભાષા ભલે બોલે તો મીઠી લાગશે,
યાયાવરી પંખીના ટહુકાને કદી બોલો, કળ્યા ?

માથા ઉપર બેડાંઓ લઈને પાદરે મળતી રહે,
એવી 'મહોતરમા' સમી કો' નારને ક્યારે મળ્યા ?

**.2.**

મારું નથી એને કદી મારું બનાવી ના શકું,
છે સ્થાન તારું દીલમહીં જેને છુપાવી ના શકું.

ચશ્માં લગાવીને તને જોયા કરું હું ક્યાં સુધી ?
મારી નજર સામે છબી તારી હટાવી ના શકું.

સંબંધના દાવે કદી હું હાથ પકડી ના શકું,
ધારો અલગ છે ચાહવાનો, હું જતાવી ના શકું.

છે સ્થાન તારું કાયમી મારા નયનના ગામમાં,
આ ખાનગી સરનામું તારું, હું લખાવી ના શકું.

સંવાદ માટે બસ 'મહોતરમા' જ મારે જોઈએ,
આ વાત પાછી હું, 'મહોતરમા' બતાવી ના શકું.

**.3.**

કોઈ આયોજન હવે આગોતરું થાતું નથી,
જીંદગી ભારણ બની કે ભેટ, સમજાતું નથી !

વારસાગત ટેવ ખુલ્લા મનથી હસવાની મળી,
માપસરનું સ્મીત એ કારણથી પ્હેરાતું નથી.

કોઈ પ્રાયોજન બદલશે એ ભુલી જા દોસ્ત, તું,
આંખ સામે હોય માણસ તોય પરખાતું નથી.

આંખ સામે કોઈ ગમતાં અલવીદા જ્યાં થાય છે,
આંસુઓ તૈયાર રાખો, તોય રોવાતું નથી.

કલ્પનાઓ પણ હકીકત બ્યાં કરે ક્યારેક તો,
સત્ય શબ્દોમાં છુપાવો, પણ એ સંતાતું નથી.

લાખ ચ્હેરા જોઈને મારી નજર જ્યારે ઠરી,
એ 'મહોતરમા'નું ફોટો હોવું પોષાતું નથી.

**.4.**

હું અભીનયથી વધારે કૈં કરી શકતો નથી,
નથી એવુંય એથી હું રડી શકતો નથી.

ભલે મારા નયનમાં આંસુઓ દેખાય ના,
ઉદાસીને હું ઝટ દઈ સેરવી શકતો નથી.

સતત તેં માવજત આપ્યા કરી છે એટલે,
ઉગીને હું કદી પણ આથમી શકતો નથી.

'તું મારો છે' સતત એ શબ્દ અથડાયા કરે,
હું તારા પ્રેમથી આગળ વધી શકતો નથી.

'મહોતરમા' નથી મસ્તી-મજા તારા વગર,
હું તારી આંખથી અળગો રહી શકતો નથી.

.5.

વાતનું જ્યારે વતેસર થઈ જાય છે,
અર્થ શબ્દોના સૌને ગમતા થાય છે.

ક્હે છે, જેવો છું હમેશાં એવો જ રહું,
ને વખત આવ્યે એ માણસ બદલાય છે.

એક માણસનો અહમ્ પોષીને જીવ્યા,
ભેદ આવા પ્રેમ નામે સચવાય છે.

એ વીરહ છાતીએ ચાંપી ફરતી હતી,
આજ કેવો ચો-તરફ ફંગોળાય છે !

યાદનું ભારણ વધે છે ત્યારે જ, દોસ્ત,
બોજ કાવ્યો ને ગઝલમાં ધરબાય છે.

આત્મબળ મારું કદી તુટી ના શક્યું,
પ્રેમના ટાંકાથી કાયમ સંધાય છે.

એક લાચારી મેં જેને માની હતી,
પ્રેમનો સામાન્ય ગુણ જે ક્હેવાય છે.

એ 'મહોતરમા' નથી મારી સાથમાં,
શબ્દ દેહે હાથ એનો પકડાય છે.

## .6.

પરાણે કોઈના વ્હાલા બની શક્યા નહીં,
વચન ઠાલાં દઈને છેતરી શક્યા નહીં.

નદીનાં જળ જે દરીયામાં ભળી શક્યાં નહીં,
જીવનભર એ દુરીનાં રણ વટી શક્યાં નહીં.

અમે જેવા હતા એવા જ શબ્દમાં મળ્યા,
અમારા ભાવ દીલથી સૌ કળી શક્યા નહીં.

બધાની એક સરખી લાગણી ના રહે કદી,
જે સરભર પ્રેમનું ભારણ ખમી શક્યા નહીં.

નરી આંખે બનાવટ પારખી શકો તમે,
જીવે છે એવું કાવ્યોમાં લખી શક્યા નહીં.

હંમેશાં સત્યની પાસે રહ્યા હતા અમે,
જુઠાણાંના લઈ ટેકો ઉભી શક્યા નહીં.

મળી મીઠાશ જ્યાંથી સાચવી છે પ્રેમથી,
એ કારણથી અમે કડવાશ પી શક્યા નહીં.

નથી ગમતી ‘મહોતરમા’ સીવાય અન્ય કોઈ,
એ ચાહતથી કદી આગળ વધી શક્યા નહીં.

## .7.

એક મતલબ જ્યાં તું ને હું થાય છે,
અર્થ શબ્દોના તરત સમજાય છે.

લાગણીઓ ક્યાં કદી બંધાય છે?
વીશ્વમાં એ ક્યાંય પણ જો જાય છે.

એક નારી ભાવ શબ્દોમાં લખે,
સત્ય સાચું શબ્દથી પરખાય છે.

આપણું હોવાપણું પીગળી ગયું,
વીશ્વ આખું ગીત હમણાં ગાય છે.

નામ છોને તેં જુદાં પાડ્યાં અહીં,
પણ ‘મહોતરમા’ જ મતલબ થાય છે.

.8.

તમારી આંખથી આઘે રહી શકતો નથી,
નજર સામે રહો છો પણ અડી શકતો નથી.

નથી રંગત અહીં મળતી હવે એકાંતમાં,
સતત આ ખાલીપામાં રણઝણી શકતો નથી.

નથી બદલાવ ગમતો જેમ છો એવા રહો,
પ્રથમ નજરોનાં કામણથી બચી શકતો નથી.

અમે ભોળા ગણી નીર્દોષ થઈ સામે રહ્યા,
જુના એ રુપને પાછું ધરી શકતો નથી.

‘મહોતરમા’ તમે છો, તો છે મારો દબદબો,
તમારી ચાહના વીના લખી શકતો નથી.

.9.

ખોબો ભરીને માત્ર તારું વ્હાલ દે,
આખું જીવન ના દે, તું તારી આજ દે.

મારી ગઝલના શબ્દ નીમાણા બન્યા,
તારા હૃદયથી એક સાચી દાદ દે.

કાચો પડ્યો છું લાગણીની બાબતે,
તારી હુંફાળી માવજત શ્રીકાર દે.

સુંદરતાનું અભીમાન કરશે ક્યાં લગી?
આત્માની સુંદરતાનો તારો ઝાગ દે.

અવઢવમાંથી તુ બ્હાર આવી ક્હી દે આજ,
તારો છું એવી શક્યતાને ઘાટ દે.

જેવી હતી એવી જ સામે આવજે,
બદલાવને ફેંકી, જુનો એ પ્યાર દે.

મારી મુસીબત દુરતા તારી બની,
શબ્દોના દેહે એકતાનો ભાવ દે.

પીડા હું સઘળી ભોગવી લેવાનો છું,
કાયમ ખુશી આપી શકું એ છાબ દે.

તું રુબરુ જ્યારે મળી એ યાદને,
કાયમ એ તાજા રહી શકે એ ચાર્મ દે.

જેવી ગુજારી સાથમાં બેઉએ રોજ,
મારી 'મહોતરમા' ફરી એ સાંજ દે.

.10.

કાફીયાને છંદ વચ્ચે જાત ઓગળતી હતી,
પ્યાર-દોસ્તી એકધારી શબ્દથી વધતી હતી.

વાત બે મોઢે કદી કરવી મને ફાવી નહીં,
દોસ્ત કરતાં જાત દુશ્મનની મને ગમતી હતી.

સાવ ઠંડોગાર પ્હેલાં આવકારો આપતી,
શબ્દ શું ચાંપ્યો ને અંગે અંગ ધગધગતી હતી.

સ્હેજ અજવાળાની ભીતર જઈને મેં જોયું હતું,
કૈંક જલતા દીવડાની આગ ત્યાં ઠરતી હતી.

રોજ કોરા કાગળો વાંચ્યા પછીનો ભેદ કહું,
મર્મ શબ્દોના પકડવાની મજા પડતી હતી.

ભીંત તોડી પીપળાની જેમ નીકળવું પડે,
રોજ ઉર્મી ગર્ભરુપે દીલમાં ફરફરતી હતી.

મૌનની જાહોજલાલીનો મને પરીચય થયો,
એ અબોલાને ગઝલ શબ્દોરુપે લખતી હતી.

એ 'મહોતરમા'ની વાતો તો કદી ના ખુટશે,
પ્રેમમાં રાધાથી લઈ મીરાંની આ શક્તી હતી.

.11.

જાત સામે રોજ લડવાનું, મને ફાવી ગયું,
જ્ઞાન એવું જાત ઘડવાનું, મને ફાવી ગયું.

સાવ આઘે લાગતા સંબંધમાં હળવાશ છે,
દુરતામાં સાથ ભળવાનું, મને ફાવી ગયું.

ઈશ્કના નામે લખે છે શાયરી લાખો અહીં,
એક જણ માટે જ લખવાનું, મને ફાવી ગયું.

ડાળ ઈચ્છાની બટકણી હોય છે, લોકો કહે,
એ જ ડાળોને પકડવાનું, મને ફાવી ગયું.

હું ‘મહોતરમા’ની ગમતી શાયરી લખતો રહું,
શાયરીમાં પ્રેમ કરવાનું, મને ફાવી ગયું.

નરેશ કે. ડોડીયા

કવીના તાજેતરમાં પ્રકાશીત થયેલા ગઝલસંગ્રહ **‘મહોતરમા’** (પ્રકાશકઃ હર્ષ પ્રકાશન, ઓમદર્શન ફ્લેટ્સ, 7, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ–380 007,

પાનાં : 108, કીમતઃ રુપીયા : 85)માંથી સાભાર...


કવીનો સંપર્ક : 7–બી, સામ્રાજ્ય એપાર્ટમેન્ટ, પેલેસ ગ્રાઉન્ડ સામે, વી. માર્ટની બાજુમાં, જામનગર–361 008

મોબાઈલ : 98798 42424, ઈ.મેઈલઃ narend55@gmail.com

Facebook : https://www.facebook.com/nareshk.dodia


@@@


‘સન્ડે ઈ–મહેફીલ‘ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : અગીયારમું – અંક : 343 – 06 March, 2016

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@


More than **3,20,33,000** Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than **55,30,000** have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than **8,26,000** have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than **2,66,000** have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@